# એપ્લાઇડ મટિરિયલ્સના સીઇઓ ગેરી ઇ. ડિકરસન સાથે વડાપ્રધાનની મુલાકાત

22 જૂન, 2023

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી 21 જૂન 2023ના રોજ વોશિંગ્ટન ડીસીમાં એપ્લાઇડ મટિરિયલ્સના પ્રેસિડેન્ટ અને સીઇઓ શ્રી ગેરી ઇ. ડિકરસનને મળ્યા હતા.

2. પ્રધાનમંત્રીએ ભારતમાં સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમને મજબૂત કરવામાં યોગદાન આપવા માટે એપ્લાઇડ મટિરિયલ્સને આમંત્રણ આપ્યું. પ્રધાનમંત્રીએ ભારતમાં પ્રોસેસ ટેક્નોલોજી અને અદ્યતન પેકેજિંગ ક્ષમતાઓના વિકાસ માટે એપ્લાઇડ મટિરિયલ્સને પણ આમંત્રણ આપ્યું હતું.

3. વડાપ્રધાન અને શ્રી ડીકરસને કુશળ કાર્યબળ બનાવવા માટે ભારતમાં શૈક્ષણિક સંસ્થાઓ સાથે એપ્લાઇડ મટિરિયલ્સના સહયોગની સંભવિતતાની ચર્ચા કરી.

**વોશિંગ્ટન ડીસી**
**જૂન 21, 2023**